તેમને વડોદરા સમાજ પ્રત્યે એટલો પ્રેમ હતો કે શરૂઆતના વર્ષોમાં જ્યારે વડોદરો સમાજ પાસે પોતાની જગ્યા નહોતી, પૈસા નહોતા ત્યારે બસોની બસો ભરીને યાત્રાળુઓ આવતા તેમને પોતાના ઘરે જ જમાડીને સ્વામી ભક્તિ કરતા અને તેમના ધર્મપત્ની રેવંતીબેન રસોઇ પણ કરતા, બધાને ભાવપૂર્વક જમાડતા આપણને કસ્તૂરબા ગાંધીની યાદ આવતી કે જેમણે ગાંધીજીની સેવા કરી તેથી જ તેઓ મહાત્મા બની શક્યા. દરેક સફળ પુરુષની પાછળ એક સ્ત્રી હોય છે એ કહેવતને રેવંતીબેને સાચી પાડી.

સાધુસંતોની વૈયાવચ્ચ કરવામાં પણ તેઓ એકડી હતા. આ જ્ઞાતિ સંમેલનમાં ઠાકરશીભાઇને જ્ઞાતિ ગૌરવનું માન મળ્યું તે જોઇને દરેક વડોદરાવાસીની એક આંખ હસતી પણ હતી અન એક આંખ રડતી પણ હતી. કારણ કે આજે ગૌરવ લેવા એ પોતે હાજર નથી. આવા ઉચ્ચ આત્માને શતઃ શતઃ પ્રણામ.

આવા જ બીજા મહાન વ્યક્તિ હતા. રાજેશ કાન્તિલાલ મોતા, કચ્છ રાયધણજર. તેમણે એમનો વ્યવહાર ૨૮મી એપ્રીલ ૨૦૧૭ના સંકેલી લીધો. જ્ઞાતિ માટે જબરદસ્ત પ્રેમ અને લાગણી ધરાવનાર રાજેશભાઇને નાના માણસો પ્રત્યે વિશેષ લાગણી હતી. દેરાસર, વિવિધલક્ષી હૉલ અને જ્ઞાતિ બાંધવો માટે ઘર બાંધવામાં એમનો પણ મોટો ફાળો હતો.

જો એમનો ઘનિષ્ઠ પરિચય ના હોય તો એમ લાગે કે ગંભીરતા જેવો શબ્દ એમના જીવનકોશમાં મૂકવાનો જ રહી ગયો છે. આટલું નામ અને દામ કમાયા છતાં તેમની સાદગી અને નમ્રતાને તોલે કોઇ નહીં આવે. મિત્રો માટે તેમના હૃદયમાં અનહદ પ્રેમ હતો.

વડોદરા જેને વહાલથી ખીરૂભાઇ કહીને બોલાવતા એવા અમારા ખીરેન્દ્ર ગોવિંદજી લોડાયા કચ્છ બારોઇ, એક વર્ષ પછી રાજેશભાઇની પાછળ પાછળ એજ ક્રુર એપ્રીલ મહિનામાં અમને સૌને આંચકો આપીને રડાવતા ચાલ્યા ગયા. ખીરૂભાઇને પણ સમાજ માટે મરી છૂટવાની ભાવના હતી. સમાજના કોઇ પણ કામ માટે બોલાવો, પાંચ જ મિનિટમાં હાજર. તેમના જેવો નિખાલસ માણસ મેં જોયો નથી. એમનું એક સૂત્ર હતું કે મતભેદ ભલે હોય ભેદ રાખવા નહીં, આ સિધ્ધાંતથી જ તેઓ જીવી ગયા. એમનામાં કોઇ દંભ કે કપટનો છાંટો નહીં જે સાચું લાગે તે ફટ કરીને બોલવામાં તેમને સંકોચ નડતો નહિ.

આવા અમારા ખીરૂભાઇને પ્રણામ કરીને વડોદરાના આ ત્રણે મહાનુભાવોને વંદન કરવા સિવાય આપણે કરી પણ શું શકીએ ? આ જ્ઞાતિ સંમેલનમાં એમના સુપુત્ર ભાવેશભાઇને કચ્છ ગૌરવ એવૉર્ડ મલ્યું તે જોવા તેઓ આપણી સાથે નથી એ વાતનું દુઃખ થાય. ઈશ્વર ઇચ્છા બલીયસી.

## શ્રી મંજલ રેલડીયા અચલગચ્છ જૈન સંઘ

શ્રી મંજલ રેલડીયા અચલગચ્છ જૈન સંઘના આજીવન સભ્યોની એક ખાસ સભા **તા. ૧૦ ફેબ્રુઆરી ૨૦૧૯ના બપોરના ૨.૩૦ વાગે શ્રી કે.વી.ઓ. જૈન સંઘ, ૧૦૫/૧૦૮, શક્તિ શોપીંગ આર્કેડ, બડવાઇક હૉસ્પિટલ સામે, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વે), મુંબઇ-૪૦૦ ૦૭૮** મધ્યે મળશે. જ્યાં નીચે મુજબના એજન્ડા પ્રમાણે કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

### એજન્ડા

૧) આપણાં ટ્રસ્ટ ડીડની કલમ ૭ મુજબ દર ત્રણ વર્ષે ચુંટણીનું આયોજન કરવું અનિવાર્ય છે. આ બાબતે ચુંટણીની પ્રક્રિયા નક્કી કરી યોગ્ય પગલા લેવા.
૨) ટ્રસ્ટનાં બાકી રહેતા લેણાની વસુલી બાબત.
૩) શ્રી મંજલ રેલડીયા મધ્યે અતિથીગૃહ અને ભોજનશાળામાં થયેલ પ્રગતિનો અહેવાલ.
૪) પ્રમુખશ્રીની રજાથી જે કાંઇ રજુઆત થાય તેના પર ચર્ચા વિચારણા.

**સૌને સમયસર પધારવા વિનંતી છે.**

**રમેશ ગોસર**, માનદ્‌મંત્રી

**તા.ક.:** મીટીંગ બાદ ચા-અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

# શ્રી તેરા પાંજરાપોળ - તેરા-કચ્છ

## જીવદયા સહાય માટે અપીલ અને મળેલ સહાય

કચ્છમાં સમયના વિતવા સાથે દુષ્કાળની અસર વર્તાય છે. મધ્ય પ્રદેશ, રાજસ્થાન, ગુજરાત વગેરે ઠેકાણેથી આવતા ચારાના ભાવ ટ્રાન્સપોર્ટેશન ખર્ચ વધવાથી દરરોજ વધતા જ જાય છે. પાણીની પણ તંગી થતાં ટેન્કર દ્વારા પાણી મંગાવવું પડે છે જે ખૂબ મોઘું પડે છે. ઉનાળામાં તકલીફ હજી વધશે. સરકાર તરફથી મર્યાદિત રાહત મળે છે પણ તે અપૂરતી છે. જ્યારે જરૂરીયાત ઘણી જ છે.

તેરા પાંજરાપોળમાં હાલ ૨૦૦ ઢોર છે. તેમના નિભાવનો ખર્ચ માસિક ૫.૫ થી ૬ લાખ જેવો થવા જાય છે. જે હજી વધવાની શક્યતા છે. પાંજરાપોળનો નિભાવ વ્યક્તિગત દાતા, સંસ્થાઓ, ટ્રસ્ટો, મંદિરના જીવદયાના ઉદાર દાન થકી થાય છે. તો આ ભગીરથ કાર્યમાં સહભાગી બની પુણ્યનું ભાથું જરૂરથી બાંધી શકાય બસ અબોલ જીવો માટે થોડુંક મોટું મન રાખી ઉદાર બનવાની જરૂર છે. આશા છે કે અમારી આ અપીલને માન આપી આપ સહુ ઉદાર દિલે દાનગંગા અવિરત વહાવશો જ. સાથેજ જે દાતાઓએ પશુ દત્તક લીધેલ છે તથા જેમણે રૂપીયામાં દાન જાહેર કરેલ છે તેમનો અત્રેથી શ્રી તેરા પાંજરાપોળ - તેરા અનુમોદના સહ આભાર માને છે.

**હજી સુધી પ્રાપ્ત થયેલા દાનમાં તથા આવેલા નામોમાં રૂા. ૧,૦૦૦/- થી રૂા. ૨૦,૦૦૦/- ના તથા કાયમી તિથિમાં તેમજ, જીવદયા તિથિમાં, તથા પશુ દત્તક યોજના હેઠળ પણ ઘણાં દાતાઓના દાન/નામ આવેલ છે. જે અત્રે રૂા. ૨૦,૦૦૦/- કે તેથી વધુના આવેલ/નોંધાવેલ દાનના દાતાના નામ નીચે મુજબ છે.**

**રૂા. ૧,૨૫,૦૦૦/-**

શેઠશ્રી નરશીનાથા ચેરીટી ટ્રસ્ટ ફંડ, મુંબઇ

માતુશ્રી સ્વ. અ.સૌ. સુમિત્રાબેન કાંતીલાલ ગોરજીની પુણ્યતિથિ નિમિત્તે, ભુજ

**રૂા. ૫૧,૦૦૦/-**

શ્રી કંકુબેન સુંદરી મહેતા ચેરીટેબલ ટ્રસ્ટ, ઘાટકોપર

શ્રી સંઘવી ભાગચંદભાઇ દામજી જૈન, મુંબઇ

શ્રી અશ્વીનભાઇ પ્રાણલાલભાઇ, મુંબઇ

શ્રી કંકુબેન સુંદરી મહેતા મ ચેરીટેબલ ટ્રસ્ટ, ઘાટકોપર

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન, હુબલી

શ્રી કમલેશ શશીકાંત મહેતા, હુબલી

શ્રી શ્રેયાંસભાઇ મનુભાઇ ઝવેરી, વડોદરા

**રૂા. ૨૫,૦૦૦/-**

શ્રી અચલગચ્છ જૈન સંઘ, આદિપુર

શ્રી બિંદુ આશીષ ભીન્ડે, આદિપુર

શ્રી વાલીઅન્ટ ઓરગેનીક લી., મુલુંડ

**રૂા. ૨૫,૦૦૦/-**

શ્રી પદમ એજન્સી, તીરૂપુર

શ્રી સરલાબેન કીશોર ડાઘા, મુલુંડ

શ્રીમદ રાજચંદ્ર આશ્રમ સમિતિ, કુકમા

શ્રી કાંતાબેન માણેકજી ધરમશી, પૂના

શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ-દાદર

**રૂા. ૨૧,૦૦૦/-**

માતુશ્રી નવલબાઇ દામજી હંસરાજ ધરમશી પરિવાર (સુથરીવાલા) રિલીજીયસ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, ગાંધીધામ

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજ, વડોદરા

શ્રી નાકોડા પાર્શ્વનાથ જૈન સંઘ, આદિપુર

શ્રી અલ્કાપુરી જૈન શ્વે. મુ. પૂ. સંઘ, વડોદરા

શ્રી ક.દ.ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમ, મલકાપુર

શ્રી ઘાટકોપર શ્વે. જૈન સંઘ, ઘાટકોપર

શ્રી આકોટા જૈન સંઘ, વડોદરા

**નીચે મુજબ વાર્ષિક પશુ દત્તક યોજનાનો લાભ લેનાર લાભાર્થીઓના નામ આવેલ છે. જેમાં ૧,૨,૪,૫ અને ૮ પશુને દત્તક લેનાર દાતા નીચે મુજબ છે. દરેક દાતાના ૧ પશુના ૨૫,૦૦૦/- લેખે દાનની રકમ આવેલ/લખાવેલ છે.**

**નીચ મુજબ દરેક દાતાના રૂા. ૨૫,૦૦૦/-ના ૧ પશુ લેખે ૧ થી વધારે પશુ દત્તક માટે દાન આવેલ છે.**

| | | | |
|---|---|---|---|
| ૧) | **શ્રી યુ.ટી. કાપડીયા હસ્તક** | (૮ પશુ) | રૂા. ૨,૦૦,૦૦૦/- |
| ૨) | **શ્રી હંસકુમાર ભવાનજી ખીમજી**, તેરા માટુંગા | (૫ પશુ) | રૂા. ૧,૨૫,૦૦૦/- |
| ૩) | **શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા**, લાખણીયા-વડાલા | (૫ પશુ) | રૂા. ૧,૨૫,૦૦૦/- |
| ૪) | **શ્રી ઝવેરબેન ભૂપેન્દ્ર ખોના**, તેરા-મુલુંડ | (૪ પશુ) | રૂા. ૧,૦૦,૦૦૦/- |
| ૫) | **શ્રી આણંદ પરિવાર હ. શ્રી દૈવ - દિપક નરેન્દ્રભાઇ શા. દંડ**, તેરા-મુલુંડ | (૫ પશુ) | રૂા. ૧,૨૫,૦૦૦/- |
| ૬) | **શ્રી આણંદ પરિવાર હા. મા. નવલબાઇ બાબુભાઇ દંડ**, તેરા-ભાંડુપ | (૫ પશુ) | રૂા. ૧,૨૫,૦૦૦/- |
| ૭) | **શ્રી કેતનભાઇ કુલીનકાંત નાગડા**, તેરા | (૫ પશુ) | રૂા. ૧,૨૫,૦૦૦/- |
| ૮) | **શ્રી માતુશ્રી વેલબાઇ પદમશી લોડાયા**, મુંબઇ | (૨ પશુ) | રૂા. ૫૨,૦૦૦/- |
| ૯) | **પ.પૂ. સાધ્વીશ્રી નરેન્દ્રશ્રીજી મ.સા.ના ગુરૂભક્તો તરફથી**, પાલીતાણા | (૨ પશુ) | રૂા. ૫૦,૦૦૦/- |

**નીચે મુજબ દરેક દાતાના અર્ધ વાર્ષિક - ૧ પશુ દત્તક યોજના હેઠળ રૂા. ૧૫,૦૦૦/- પ્રત્યેકનું દાન આવેલ છે.**

૧) માતુશ્રી વિજયાબેન રમેશ સાયલા, તેરા-મુલુંડ
૨) શ્રી નાકોડા એન્ટરપ્રાઈઝેસ, ગાંધીધામ (કચ્છ)
૩) શ્રી બાબુલાલ મુલજી શાહ, વડોદરા

**નીચે મુજબ વાર્ષિક પશુ દત્તક યોજનાના લાભાર્થી દાતાઓ કે જેમણે ૧ પશુના રૂા. ૨૫,૦૦૦/- લેખે દાન આપેલ/લખાવેલ છે.**

૧) માતુશ્રી રતનબાઇ લાલજી હં. ખોના, તેરા
૨) માતુશ્રી મણીબાઇ દેવશી નરશી દંડ, તેરા
૩) શ્રીમતી ફાલ્ગુની હરીશ ઠાકરશી શિયાડ, તેરા
૪) શ્રી તેજપાર દેવજી રતાણી, પુના
૫) શ્રી વિપીન ભાણજી દેવજી ખીમજી, તેરા
૬) શ્રી નિલેશ રોડવેઝ, સુથરી
૭) માતુશ્રી માંકબાઇ લક્ષ્મીચંદ સોની, વાંકુ
૮) શ્રી લક્ષ્મીચંદ શીવજી રતાણી, પુના
૯) વિસનજી લખમશી શાહ, મુંબઇ
૧૦) શ્રી પ્રતાપરાય લાલજી હંસરાજ ખોના, મુંબઇ
૧૧) શ્રી મેગ્નસુર્સ ઇન્ટરનેશનલ, મુંબઇ
૧૨) શ્રી સ્વ. નારાણજી લાલજી ખોના, મુંબઇ
૧૩) શ્રી વિપુલ ગુલાબચંદ પદમશી મોતા, હૈદરાબાદ
૧૪) શ્રી અચલગચ્છ જૈન સંઘ, હૈદરાબાદ
૧૫) શ્રી મણીબાઇ શામજી ખેતશી મૈશેરી, કુવાપધર
૧૬) શ્રી ફેઅરડેઝ ઇન્ફોટેક, મુલુંડ
૧૭) શ્રી નિર્મલાબેન વિનોદ મોતા, કુવાપધર
૧૮) શ્રી વર્ધમાન કલ્યાણજી લોડાયા, વડોદરા
૧૯) શ્રી અલકા એજન્સી, હૈદરાબાદ
૨૦) શ્રી ભાણજી દેવજી ખીમજી, મુંબઇ
૨૧) શ્રી દેવકાંબાઇ જવેરીલાલ મૈશેરી, પુના
૨૨) શ્રી સુશીલ લક્ષ્મીચંદ શાહ, માટુંગા
૨૩) શ્રી પ્રેમીલાબેન કાંતીલાલ ખોના, માટુંગા

**આપશ્રીએ આપેલું દાન ઈન્કમટેક્ષ કલમ : ૮૦જી હેઠળ રાહત પાત્ર છે**

**Bank Details :**
Name : Shri Tera Panjarapol-Tera
Bankers : State Bank of India,
Branch : Naliya-Kutch, Pincode - 370655
A/C No. : 10933790470
IFSC Code No. : SBIN0000438

**લી. શ્રી તેરા પાંજરાપોળ - તેરા વતી ટ્રસ્ટીગણના જય જીરાવલ્લા - જય શામળીયા**

## શ્રીમતી વિજયાલક્ષ્મી નચીયાર / શ્રી હીરાલાલ પદમશી માલાણી (લોડાયા), કોઈમ્બતુર-સાંયરાના સુપુત્રી



ભારતના ટેક્સટાઇલ પ્રધાન શ્રીમતી સ્મૃતિ ઇરાનીએ શ્રી મણી ચિન્નાસ્વામીને ઇકો-લોજિક રૂ (જેના તાંતણા વધારે લાંબા હોય છે) માટે ખાસ એર્વોડથી નવાજ્યા છે. શ્રી ચિન્નાસ્વામીએ ''એથિક્સ'' બ્રાન્ડ હેઠળ હાથશાળથી બનાવેલ કાપડ બનાવવાનું ચાલુ કરેલ છે.

સન ૨૦૦૯માં શ્રી મણિ ચિન્નાસ્વામી અને એમના પત્ની શ્રીમતિ વિજય લક્ષ્મી ઓગેનિક રીતે ઉગાડવામાં આવેલ રૂ માંથી બનાવેલ કાપડ ''એથિક્સ'' બ્રાન્ડ નામે વેચવાનું સાહસ શરૂ કર્યું. આ સાહસ એમણે પોલાચી જે કોઇમ્બતુર થી ૪૦ કી.મી. દૂર છે ત્યાં શરૂ કર્યું છે. શ્રી ચિન્નાસ્વામીનું કુટુંબ અપાચી કોટન નામે રૂ નું જિનીંગ કરે છે.

શ્રીમતી વિજયાલક્ષ્મીએ જોયું કે કોઇમ્બતુરની આસપાસના ગામોમાં હાવસાળ છે અને તેઓ કોઇમ્બતુરની પ્રખ્યાત કોટનની સાડીઓ બનાવે છે. તેમાંથી તેમને ''એથિક્સ'' બ્રાન્ડ હેઠળ હાથશાળના વસ્ત્રો બનાવવાની પ્રેરણા મળી. ''એથિક્સ'' વર્ષમાં બે વખત વસ્ત્રોનું પ્રદર્શન યોજે છે. આ વસ્ત્રોની ડિઝાઇન પ્રેમ, વાસ્તુશાસ્ત્ર, આદિવાસી કળા, ફૂલો ઉપર આધારિત હોય છે. તેઓ સાહ સાડી અને બીજા પ્રકારના વસ્ત્રો બનાવે છે. દરેક સાડી સાથે એક ચિઠ્ઠી ઉપર એ સાડીમાં વપરાયેલ રૂ ક્યાં ઉગાડવામાં આવ્યું હતુ, ક્યા કલાકારે તેને કેટલા દિવસમાં તેયાર કરી એનું વિવરણ આપવાં આવે છે.

શ્રીમતી વિજયાલક્ષ્મી કહે છે રૂ અને વસ્ત્રોના વણાટકામ તરફ આકર્ષણ વારસમાં મળેલ છે અમે ફક્ત એક ''નામ''નથી અમે કુદરતી સંશાધનો વિશે અને કાર્બનનું પ્રદુષણ ઓછું થાય એનો પણ ખ્યાલ રાખીએ છીએ. અમારી પ્રક્રિયા થોડી ધીમી છે. પણ અમારા વસ્ત્રો બહુજ ઊંચી ગુણવત્તા ધરાવે છે અને અમારી ડિઝાઇનો સમયથી સુસંગત છે.

આ વસ્ત્રો દરેક દુકાનમાં, પ્રદર્શનોમાં ભારત તથા વિદેશમાં મળે છે. તેઓ નાચીયર વિદ્યાલમ ઉચ્ચ માધ્યમિક શાળા સાથે સક્રિય રીતે સંકળાયેલા છે.

**- શ્રી તિલકચંદ લોડાયા,** અનુવાદ : **ઉદયન શાહ**

# શ્રી સુથરી પાંજરાપોળ


સુથરી - કચ્છ, તા. અબડાસા (ગુજરાત) - ૩૭૦ ૪૯૦. ફોન : (૦૨૮૩૧) ૨૮૪ ૨૨૩

**Trust Reg. No. E-834 (Mum) / E-260 (Kutch)**

**મુંબઈ કાર્યાલય : C/o. CHITTU B. NARSEY**

**નરસી કોટન, એમજીન ચેમ્બર્સ, ત્રીજા માળે, ૧૦, વિદ્યાનગરી માર્ગ, કાલીના, સાંતાક્રુઝ (ઈ), મુંબઈ-૪૦૦ ૦૯૮.**

Phone : 2665 1740 / 46 / 98335 85280 • Fax : 2665 6506


## જીવદયા અપીલ

સમય જેમં જેમ પસાર થાય છે તેમ દુષ્કાળની અસર વધારે વર્તાય છે. ગુજરાત બહારથી ચારો મંગાવવાનો ટ્રાન્સપોર્ટ તથા અન્ય ખર્ચે ખૂબજ મોંઘુ પડે છે. ઉનાળામાં પાણીની સમસ્યા તો ઉભી જ છે.

સ્થાનિક તાલુકા તેમજ જીલ્લા સ્તરે સરકારશ્રી પાસેથી ઘાસ વિતરણની કોઇ ચોક્કસ વ્યવસ્થા નથી. થોડી ઘણી સબસીડી મળેલ છે. આવા સંજોગોમાં ઢોરોને નિભાવવાનું કે ખૂબ જ કપરું બન્યું છે. આપ સૌને ફરી આ અબોલ પ્રાણીઓને બચાવવા અને જીવદયામાં સહભાગી થવા તેમ જ આ કપરા સમયને પહોંચી વળવા માટે નમ્ર વિનંતી કરીએ છીએ.

**અત્યાર સુધી નીચે મુજબ આર્થિક યોગદાન મળેલ છે.**

| | |
|---|---|
| ૫૫,૪૯૬ | જૈન ટેમ્પલ ઑફ ન્યુયોર્ક, ન્યુયોર્ક |
| ૨૫,૦૦૦ | શેઠ મેઘજી થોભણ કચ્છ માંડવી સ્વગ્નયાતી સહાયક ફંડ, મુંબઇ |
| ૨૫,૦૦૦ | રીટાબેન મણીકાંત ઠાકરશી લોડાયા, મુંબઇ |
| ૨૧,૦૦૦ | શ્રી મહાવીરસ્વામી જૈન રીલીજીયસ ટ્રસ્ટ, મરીન ડ્રાઇવ |
| ૨૦,૦૦૦ | શ્રી મુલુંડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ ચેરીટીઝ, મુલુંડ |
| ૧૫,૦૦૦ | શ્રી વાલકેશ્વર સ્થાનકવાસી જૈન સંઘ, વાલકેશ્વર |
| ૧૨,૦૦૦ | માતુશ્રી કુંવરબાઇ લક્ષ્મીચંદ મણશી ધરમશી હ.વિરચંદભાઇ, સુથરી |
| ૧૧,૦૦૨ | સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી મહારાજ સાહેબની દીક્ષા તિથિ નિમિત્તે હસ્તે ધનવંતીબેન લક્ષ્મીચંદ છેડા, ગોધરા |
| ૧૧,૦૦૦ | શ્રી મૂર્તિપૂજક શ્વેતાંબર જૈન સંઘ, ગાંધીધામ |
| ૧૧,૦૦૦ | શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, નલીયા |
| ૧૧,૦૦૦ | શ્રી કચ્છી દશા ઓશવાલ બેંગ્લોર મહિલા મંચ, બેંગ્લોર |
| ૧૦,૦૦૦ | શ્રી જગડુશાનગર શ્વેતાંબર મૂર્તિપૂજક અચલગચ્છ જૈન સંઘ, ઘાટકોપર |
| ૧૦,૦૦૦ | શ્રી આદિ ઘંટાકર્ણ ચેરીટેબલ ટ્રસ્ટ, થાણા |
| ૧૦,૦૦૦ | શ્રી મુલુંડ અચલગચ્છ જૈન સંઘ, મુલુંડ (ઇસ્ટ) |
| ૭,૫૦૦ | કચ્છ જિલ્લા પાંજરાપોળ ગોશાળા સંગઠન, ભુજ |
| ૫,૦૦૧ | માતુશ્રી જવેરીબાઇ શામજી ખીંયશી દંડ, સુથરી |
| ૫,૦૦૦ | શ્રી ઋષભદેવ જૈન ટેમ્પલ એન્ડ સાધારણ ખાતા ટ્રસ્ટ, ચેમ્બુર |
| ૫,૦૦૦ | શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, ગોરેગાંવ (વેસ્ટ) |
| ૫,૦૦૦ | શેઠ વાડીલાલ સારાભાઇ દેરાસરજી ટ્રસ્ટ, મુંબઇ |
| ૫,૦૦૦ | શ્રી શિતલનાથ ભગવાન સંસ્થાન, ધુલીયા |
| ૫,૦૦૦ | શ્રી વાગડ વિશા ઓશવાલ મૂર્તિપૂજક જૈન સંઘ, ગોરેગાંવ (વેસ્ટ) |
| ૫,૦૦૦ | અવીઝ ફેન્શન, દાદર |
| ૫,૦૦૦ | પદમકુમાર ધનજી નાગડા, હુબલી |
| ૫,૦૦૦ | નેહા અને અજય ઉદય ખોના, સુથરી |
| ૫,૦૦૦ | પ્રેમચંદ માલશી મોતા, કુવાપધર |
| ૫,૦૦૦ | ફેની જીગર શાહ, ભુજ |
| ૫,૦૦૦ | નરશી જેઠાભાઇ દંડ, વરાડીયા |
| ૫,૦૦૦ | મયંક ગોવિંદજી મોમાયા, નલીયા |
| ૫,૦૦૦ | લીલાવંતીબેન શીવજી મોતા, કારંજા |
| ૫,૦૦૦ | વિમલ મેટલ્સ, મુંબઇ |
| ૫,૦૦૦ | એક સદ્‌ગૃહસ્થ, જામનગર |
| ૪,૦૦૦ | શ્રી મુલુંડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ એન્ડ ચેરીટીઝ, મુલુંડ |
| ૩,૫૦૦ | શ્રી નરસીંગલેન શ્વે.મૂ. જૈન સંઘ, મલાડ (વેસ્ટ) |
| ૩,૦૦૦ | હેમલ નંદકુમાર કુરૂપ, મુંબઇ |
| ૨,૫૦૦ | તન મન ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ, મુલુંડ |
| ૨,૫૦૦ | જવેરીબાઇ શામજી ખીંયશી દંડ, સુથરી |
| ૨,૫૦૦ | તેજબાઇ વિશનજી ઘેલાભાઇ છેડા, સુથરી |
| ૨,૫૦૦ | લક્ષ્મીબેન મણીલાલ ભવાનજી મોમાયા, મુંબઇ |
| ૨,૫૦૦ | શ્રી વડોદરા સચ્ચાઇમાં પરિવાર, વડોદરા |
| ૨,૫૦૦ | ભમલબાઇ પદમશી પુંજાભાઇ પીર, સુથરી |
| ૨,૨૨૨ | નિર્મલા ભાલચંદ્ર ધરમશી, સુથરી |
| ૨,૨૦૧ | ધનબાઇ ઉમરશી ધરમશી, સુથરી |
| ૨,૨૦૦ | શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલી, ડોંબીવલી |
| ૨,૧૦૧ | ધનબાઇ લખમશી ભીંયશી ધરમશી, સુથરી |
| ૨,૦૦૦ | શ્રી જય જિનેન્દ્ર ભક્તિ મંડળ, મુલુંડ |
| ૨,૦૦૦ | શ્રી મહાવીરસ્વામી જૈન રીલીજીયસ ટ્રસ્ટ, ચર્ચગેટ |
| ૨,૦૦૦ | લીનાબેન હેમેન્દ્ર દેવશી મોમાયા, સુથરી |
| ૧,૮૦૦ | શ્રી ચુનાભટ્ટી અચલગચ્છ જૈન સંઘ, ચુનાભટ્ટી |
| ૧,૮૦૦ | રાજેશ રાયચંદ નાગડા, સાંધાણ |
| ૧,૮૦૦ | સરયુબેન રાજેશ નાગડા, સાંધાણ |
| ૧,૫૦૦ | શ્રી શ્વેતાંબર સ્થાનકવાસી જૈન સંઘ, વસઇ રોડ |
| ૧,૪૦૦ | દીપલ રાજેશ નાગડા, મુલુંડ |
| ૧,૧૧૧ | કોકિલાબેન વાલજી લાલજી ધરમશી, સુથરી |
| ૧,૧૧૧ | રમેશ એન્ડ બ્રધર્સ, મુંબઇ |
| ૧,૧૦૦ | યેશા દિલીપ મણીલાલ ખોના, મુંબઇ |
| ૧,૧૦૦ | માતુશ્રી મીઠીબાઇ રાયમલ નાગશી મોમાયા, સુથરી |

**દાન ૮૦ જી મુજબ રાહત પાત્ર છે.**

મુંબઇ એડ્રેસ બેંકની વિગત : **DENA BANK,** KALINA BRANCH

S.B. A/c No. 054310004891 • IFSC : BKDN0460543

Mob.: 9833152695 / 9833585280




તંત્રીશ્રી, પ્રકાશ સમીક્ષા

આપના તા. ૨૦-૧૨-૨૦૧૮ના અંક નં.૧૦માં શ્રી ચંદ્રકાંત દામજી શાહના કચ્છના ગામોમાં થતા જમીન હડપ કરવા અંગેના લેખના અનુસંધાને આપને ખૂબજ દુઃખ સાથે જણાવવા માંગુ છું કે આપણા પોતાના જ લોકો જ આવી ગેરકાયદે પ્રવૃત્તિમાં સંકળાયેલા છે. હું હંમેશા અમારી જમીન તથા મિલકતોની દેખભાળ માટે સુથરી આવતો જતો રહું છું. તેમ છતાં પણ કેટલાંક લોકોએ મારા નામનું બનાવટી પેન કાર્ડ કઢાવી મારી ખેતીવાડીની જમીન વેચી દીધી અને તેનું પેમેન્ટ પણ મેળવી લીધું. આ અંગે જાણ્યા પછી મેં વકીલ મારફત કાયદાકીય પગલાં લીધા. પોલીસ સ્ટેશનમાં પણ ફરિયાદ નોંધાવી. સબ રજીસ્ટ્રારને પણ આ વિશે પુછ્યું, તો તેમણે જણાવ્યું કે પેનકાર્ડ તમારા નામનું હતું એટલે રજીસ્ટ્રેશન કર્યું. મેં આવી ઘણી બધી દોડધામ કરી પણ કંઇ વળ્યું નહિં. સદનસીબે સુથરી ગામના લેન્ડ રેકોર્ડમાં હજી ફેરફાર થયા નથી. બીજો કોઇ વિકલ્પ ન હોવાથી મારા વકીલની સલાહ મુજબ સીવીલ કોર્ટમાં કેસ ફાઇલ કરશું.

કચ્છમાં આવા બનાવો ખૂબજ ખેદજનક છે. કોઇ જ્ઞાતિજન આ પ્રશ્ન અંગે મદદરૂપ થાય એવી વિનંતી સાથે મારા આ દુઃખદ અનુભવની વિગતો સમાજની જાણ ખાતર મોકલું છું.

**– હંસકુમાર હિરાચંદ હિરજી ખેતશી દોલત,** પરેલ, મુંબઇ

## જલગામ કે.ડી.ઓ. ખેલોત્સવ – ૫

શ્રી કે.ડી.ઓ. જૈન ખેલોત્સવ - ૫ નુ આયોજન ૬-૧-૨૦૧૯ ના થયેલ. આ ખેલોત્સવમા ક્રિકેટની મેન્સ અને લેડીઝ ટુર્નામેન્ટમાં જ્ઞાતિજનોએ સારી સંખ્યામાં હાજરી આપી અને ભાગ લઈ જ્ઞાતિજનોએ આનંદ માણ્યો.

મેન્સ ક્રિકેટ ખેલાડીઓની ટીમ ઓકસન (લીલાવ) દ્વારા પાડવામાં આવેલ ૧) પાર્શ્વનાથ લાયન્સ : શ્રી લલીત લોડાયા, ૨) છેડા સુપરકિન્ગસ : સૌ શિલ્પાબેન છેડા, ૩) નાગડા વોરીયર્સ : શ્રી કેતન નાગડા, ૪) જિહાન ટાઈગર્સ : શ્રી ગેમેન્દ્ર મૈશેરી. ચાર ટીમોના એક મેક સામે મુકાબલા થઈને ફાઈનલમાં નાગડા વોરીયર્સ અને છેડા સુપર કિન્ગસ આમને સામને હતા. એમાં નાગડા વોરીયર્સ ટીમ વિજયી થઈ. મેન ઓફ ધ સિરીઝ : સિદ્ધાંત પોલડીયા, બેસ્ટ બેટ્સમેન : નિખિલ મૈશેરી, બેસ્ટ બોલર : રવિશ લોડાયા.

આ ખેલોત્સવમાં મહિલા ટીમો સ્પોન્સર ૧) મોમાયા વોરીયર્સ : સૌ લેખાબેન મોમાયા, ૨) ઓસ્વાલ ચેલેન્જર્સ : સૌ દક્ષાબેન ઓસ્વાલ, ૩) શાહ સ્મેશરસ : સૌ શીતલબેન લોડાયા, ૪) કાજલ નાઈટ રાઇડર્સ : સૌ દિવ્યાબેન લોડાયા.

ચાર ટીમોના એક મેક સામે મુકાબલા થઈ ને ફાઈનલમાં ઓસ્વાલ ચેલેન્જર્સ અને શાહ સ્મેશરસ આમને સામને હતા. ઓસ્વાલ ચેલેન્જર્સ ટીમ વિજયી થઈ. વુમન ઓફ ધ સિરીઝ : સિદ્ધી ગોશર, બેસ્ટ બેટ્સવુમન : રાશી છેડા, બેસ્ટ બોલર : ખુશી મૈશેરી.

સૌ. નવલબેન લાપશિયા અને સૌ. શૈલાબેન લોડાયાને નારી શકિત એવોર્ડ થી સન્માનીત કરવામાં આવ્યા. પદ્મશ્રી એડ. શ્રી ઉજ્જવલ નિકમ, એમ.એલ.એ શ્રી. સુરેશ ભોલે, એમ.એલ.સી શ્રી ચંદુભાઈ પટેલ, શ્રી રજનીકાંત કોઠારી, સૌ. ભાવના જૈન આ મહાનુભાવોના હાથે વિજયી ટીમોને ટ્રોફી, મેડલ્સ આપી સન્માન કરવામાં આવ્યું.

આ ખેલોત્સવ સફળ બનાવવા માટે ૧૨ ઈવેંટ સ્પોન્સર એ સહયોગ આપ્યો. કે.ડી.ઓ. સમાજના અધ્યક્ષ શ્રી. કલ્પેશ છેડા, ઉપાધ્યક્ષ શ્રી. નિતિન લોડાયા, સચિવ શ્રી કેતન નાગડા તથા કે.ડી.ઓ કમીટી, પ્રોજેક્ટ ચેરમેન શ્રી. સિદ્ધાંત પોલડીયા, શ્રી નિખિલ મૈશેરી, શ્રી. કુશલ લોડાયા, શ્રી. દીપ લોડાયા, સૌ. શિલ્પા છેડા, સૌ. પ્રિતિ મોમાયા, સૌ. સ્નેહા લોડાયા, સૌ. મેઘના ખોનાએ મેહનત લીધેલ. (કલર ફોટાગ્રાફસ પાના નં. ૩૫ ઉપર)

### જ્ઞાતિના આગામી કાર્યક્રમ

- **સાંયરા :** ૬-૭/૪/૧૯ મોમાઇ માતાજીની સમુહ પહેડી ભોઇમાની ગંધી બદલવાનો કાર્યક્રમ.
- **મુલુંડ :** ૨૦/૪/૨૦૧૯ લોડાયા પરિવારની છઠ્ઠી સામુહિક પહેડી
- **વાંકુ :** ૩૦-૪ થી ૨-૫-૨૦૧૯ લોડાયા પરિવારના કુળ દેવી સચ્ચાઇ માતા, સખત માતા અને ક્ષેત્રપાલ દાદા નૂતન દેવસ્થાન પ્રતિષ્ઠા કાર્યક્રમ
- **સુથરી :** ૯-૫ થી ૧૧-૫-૨૦૧૯ પાર્શ્વનાથ પંચકલ્યાણક, ધ્વજા આદિ કાર્યક્રમ
- **માટુંગા :** ૧૨-૫-૨૦૧૯ મોમાઇ માતાજીની ૯મી સમુહ પહેડી
- **મોડપર :** ૮ થી ૧૦-૬-૨૦૧૯ ત્રિદિવસીય પંચમ ધ્વજા મહોત્સવ

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન, ગદગ

શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન ટેમ્પલ, પાર્શ્વનાથ રોડ, ગદગ - ૫૮૨ ૧૦૩. ફોન : (૦૮૩૭૨) ૨૩૫૯૬૨

દ્વારા યોજાયેલ

## શ્રી સમ્મેત શિખરજી મહાતીર્થ યાત્રા પ્રવાસ - ૨૦૧૯

ગદગ મહાજનશ્રી ના નેજા હેઠળ તા. ૧૧-૧-૨૦૧૯ના સાંજના ૭ વાગે ટ્રેનમાં બનારસ તરફ શુભ પ્રયાણ કર્યું. આ યાત્રામાં આપણા સમાજના ૭૫ ભાઇ-બહેનોએ યાત્રાનો આનંદ માણ્યો. સમગ્ર ટુરનું સંચાલન કેટરીંગ સહિત બોરીવલીના અર્હમ ટૂર્સના **શ્રી ભદ્રેશભાઇ હીરાચંદ છેડા** (વારાપધર) દ્વારા કરવામાં આવ્યું હતું.

આ યાત્રાની વિશેષતા એ હતી કે યાત્રામાં કરાડ, મુંબઇ, હુબલી, ભરૂચ, નાંદેડ અને પૂનાથી ૨૫ જેટલા યાત્રાળુઓ જોડાયેલા. ગદગના યાત્રાળુઓ માટે મહાજનશ્રી દ્વારા રાહતના દરે યાત્રાની સગવડ કરી આપવામાં આવેલી. આ પુણ્યના કાર્યમાં આપણી જ્ઞાતિના ઉદાર દિલ દાતા **''જીવનસંધ્યા''**ના સંસ્થાપક **બાઇશ્રી મણીબાઇ કાંતિલાલ શાહ (મૈશેરી)** જખૌએ **રૂા. એક લાખ, અગિયાર હજાર એક સો અગિયાર**નો ફાળો નોંધાવી લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવી.

તા. ૧૧-૧-૨૦૧૯ના ટ્રેનમાં રવાના થઇ ૧૨-૧ નો સંપૂર્ણ સમય આનંદ કિલ્લોલ કરતાં પસાર કર્યો. ૧૩-૧ના બપોરના બનારસ પહોંચ્યા. રાત્રે ગંગા આરતીનો નજારો માણી વિશ્રામ કર્યો.

તા. ૧૪-૧ના બનારસથી ભેલુપુરમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનના ૪ કલ્યાણકો, ભદૈનીમાં શ્રી સુપાર્શ્વનાથ ભગવાનના ૪ કલ્યાણકો અને ચંદ્રપુરીમાં ચંદ્રપ્રભુસ્વામીના ૪ કલ્યાણકભૂમિના દર્શન કર્યા. સાંજના સિંહપુરીમાં શ્રેયાંસનાથ ભગવાનની ૪ કલ્યાણકભૂમિના દર્શનનો લાભ લીધો. રાતના ભક્તિભાવના કરી પાવાપુરી તરફ પ્રયાણ કર્યું.

તા. ૧૫-૧ના શ્રી મહાવીરસ્વામી ભગવાનની નિર્વાણભૂમિ, જલમંદિર, સમોવસરણના દર્શન, સેવા-પૂજાનો લાભ લઇ રાત્રે ત્યાં જ વિશ્રામ કર્યો.

તા. ૧૬-૧ના વહેલી સવારે રાજગૃહી તરફ પ્રયાણ કર્યું. ત્યાં મુનિસુવ્રત સ્વામીના દર્શન કરી સેવાપૂજા કર્યાબાદ પહાડ યાત્રા, રોપવે, જાપાનીઝ ટેમ્પલ, ગરમ પાણીના કુંડ, વીરાયતન વગેરે સ્થળો જોઇ કુંડલપુરમાં શ્રી ગૌતમસ્વામીની જન્મભૂમિના દર્શન કર્યા બાદ તેમની કેવલજ્ઞાનભૂમિ ગુણિયાજીના દર્શન કરી લચ્છવાડ તરફ પ્રયાણ કર્યું. રાતવાસો લચ્છવાડમાં કર્યો.

તા. ૧૭-૧ના શ્રી મહાવીરસ્વામી ભગવાનની ૩ કલ્યાણકભૂમિમાં સેવાપૂજા કરી સાંજે કાકંદીતીર્થે આવ્યા. શ્રી સુવિધિનાથ ભગવાનની ૪ કલ્યાણક ભૂમિના દર્શન કરી રાત્રે ભાગલપુરમાં વિશ્રામ કર્યો.

તા. ૧૮-૧ના ભાગલપુરથી વાસુપૂજ્ય સ્વામીની પંચકલ્યાણ ભૂમિ ચંપાપુરીમાં નવકારશી દર્શન પૂજા કરી શ્રી શિખરજી તરફ પ્રયાણ કર્યું.

તા. ૧૯-૧ના વહેલી પરોઢે શ્રી ભોમિયા દાદાના દર્શન કરી, પ્રસાદ ચઢાવી બધાએ ૨૦ તીર્થંકરોની નિર્વાણ ભૂમિની યાત્રા શરૂ કરી. જલમંદિર પહોંચતાં સેવા-પૂજાનો લાભ લીધો. યથાશક્તિ સહુએ તીર્થની સ્પર્શના, વંદના કરી સાંજે યાત્રા પૂર્ણ કરી. વળતાં ભોમિયાજી ને વંદી પોતાના મુકામે વિશ્રામ કર્યો.

તા. ૨૦-૧ની સવારે મધુબનમાં તળેટીના જાજવલ્યમાન દેરાસરોમાં દર્શન-પૂજા કરી રાત્રે ત્યાંજ વિશ્રામ કર્યો.

તા. ૨૧-૧ના નવકારશી બાદ બસ દ્વારા કલકત્તા તરફ પ્રયાણ કર્યું. રસ્તામાં મહાવીર સ્વામી ભગવાનની કેવલજ્ઞાનભૂમિ ઋજુવાલિકામાં દર્શન કર્યા.

રાતના ૧૧.૩૦ વાગે ગદગ તરફ પ્રયાણ કરવા ટ્રેનમાં બેઠા. બીજા દિવસે ટ્રેનમાં બધા થાક ઉતારતાં, વિવિધ રમતોનો આનંદ માણતા ૨૩-૧ના વહેલી સવારે ગદગ પહોંચી તીર્થાધિપતિ શ્રી પાર્શ્વનાથ દાદાના દર્શન કરી યાત્રાનો આનંદ માણી સહુ ઘરે પહોંચ્યા.

યાત્રાના બાર દિવસ ક્યાં વીત્યા કોઇને ખબર ન પડી. ત્યાંની ઠંડીમાં કોઇ માંદું ન પડ્યું એ તીર્થનો પ્રભાવ હતો. સહુને માટે આ એક અવિસ્મરણીય યાત્રા બની ગઇ.

પ્રકાશ સમીક્ષા **સમાચાર** સંકલન
સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી પદમમુક્તિ વાત્સલ્ય નિધિ ટ્રસ્ટ (ચાલીસગામ)

પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના પ્રેરણા થી આપણા ટ્રસ્ટની સ્થાપના થયેલ. પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા.ના આશિર્વાદ અને માર્ગદર્શનથી ટ્રસ્ટ સમાજ માટે સામાજીક કાર્યો કરી રહેલ છે.

દર બુધવારે ગરીબોને ભોજન કરાવનાર કાયમી દાતાઓના નામ : ૧) મણીલાલભાઇ હંસરાજ ભઠારા (હ. રૂપમભાઇ ભઠારા-ઘાટકોપર), ૨) મણીલાલભાઇ દામજી ધુલ્લા (હ. સૌ. નયના અશોક લાપસીયા-મુલુંડ), ૩) એક સદ્‌ગૃહસ્થ (હ. ગુણવંતીબેન દામજી જેઠાભાઇ પટેલ-ડુમરા), ૪) શા. શામજી મુલજી પોલડીયા (પારોલા), ૫) નવલબાઇ દામજી ધરમશી (વરલી), ૬) ડુંગરશી ધનજી દંડ (હ. મોંઘીબાઇ દંડ-હુબલી), ૭) પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા. (હ. ગુલાબચંદ આશરીયા લોડાયા-અંકલેશ્વર), ૮) ગોવિંદજી જીવરાજ લોડાયા (સાયન), ૯) રાજેશ શિવજી નરશી પોલડીયા (બેંગકોક), ૧૦) ગિરિશ શામજી ભાટે (હ. શુશીલા ભાટે-ચાલીસગામ), ૧૧) મિતા હિરાચંદ શાહ (હ. રતનબાઇ શાહ-ચાલીસગામ), ૧૨) ચંદ્રકાંત ગંગાજર ધરમશી (હ. વિમલા ધરમશી-હુબલી), ૧૩) પ્રદીપભાઇ ઉમરશી મેપાણી (હ. ઉમરશી શામજી મેપાણી-વડાલા), ૧૪) દમયંતીબેન માણેકજી ડાઘા (હ. દક્ષા, હીના, ચારૂ, સીમા, હર્ષા-ડોંબીવલી), ૧૫) અમીરા જીગર હરીશ ખોના-સાયન, ૧૬) નવલબાઇ દેવજી પોલડિયા-ચાલીસગામ, ૧૭) ઠાકરશી રતનશી ગડા-બરોડા, ૧૮) દામજી હંસરાજ ધરમશી-વરલી, ૧૯) દેવજી પુનશી મોતા-અંકલેશ્વર, ૨૦) મીનાબેન શામજી લોડાયા (હ. તેજલ, રાજુલ-થાણા), ૨૧) રમાબાઇ ગોવિંદજી શાહ-નાંદગાવ, ૨૨) શા. લક્ષ્મીચંદ કેશવજી લોડાયા (હ. વિજયાબાઇ, વિરચંદ ભાટે-ચાલીસગામ, ૨૩) ગુલાબભાઇ દેવશી ડાઘા-અમલનેર, ૨૪) સચીન ફેજલ વિજયભાઇ દંડ (અમેરિકા), ૨૫) શા. દેવજી રતનશી પટેલ (હ. વિજયાબાઇ, વિરચંદ ભાટે - ચાલીસગામ), ૨૬) મનીષ સુમતીચંદ લોડાયા-નાશિક, ૨૭) મધુમતી દિનેશ ભાટે (હ. દિનેશભાઇના જન્મદિવસે (ધુલીયા), ૨૮) સોમચંદ ભાણજી લાલકા (અમલનેર)


**સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...**
પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબ, ફુલહારી, ધારવાડી, હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે.
તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે.
તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું.
**સોનલ આર્ટ**
**Mob.: 99678 41792**
'શિવમ', ડી-૨૦૧, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.


### શ્રી અજીતનાથજી જૈન જિનાલય માંડવીની ૧૩૮મી વર્ષગાંઠ ઉજવાશે

માંડવીના શ્રી અજીતનાથ પ્રભુજી જૈન જિનાલયની સંવત ૧૯૩૭ મહાસુદ ૫ તા. ૩-૨-૧૮૮૧ના પ્રતિષ્ઠા થયેલ. શેઠ શ્રી ઠાકરશી વેરશી પાસવીર (પીર) લોડાયા સુથરીવાલાએ આ જિનાલયનું નિર્માણ કરાવેલ. પૂ. આ.ભ. શ્રી વિવેકસાગરસૂરીશ્વરજી મ.સા.ની શુભનિશ્રામાં જિનાલયની પ્રતિષ્ઠા થયેલ.

પ્રખર પ્રવચનકાર પૂ. મૂનિરાજ શ્રી પુર્ણભદ્રસાગરજી મ.સા.ની શુભ નિશ્રામાં આ જિનાલયની ૧૩૮મી વર્ષગાંઠ પ્રસંગે તા. ૯-૨-૨૦૧૯ શનીવાર સવારે ૧૨-૩૯ કલાકે જિનાલયના શ્વેત શિખરો ઉપર ધ્વજારોહણ કરવામાં આવશે. અઢાર અભિષેક, સત્તરભેદી પૂજા ધ્વજારોહણનો ચડાવો તથા અન્ય ચડાવા બોલાવવામાં આવશે.

### પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજનું ભલારાદાદા લાલપુર સ્થાનકે ઉષ્માભર્યું સામૈયું

૧૬-૧-૨૦૧૯ના સવારે ૭.૩૦ કલાકે ગુરૂગુણની નિરંતર વરસતી દિવ્ય કૃપા સહ તપચક્રવર્તી અચલગચ્છાધિપતિ પૂ. આ.ભ. શ્રી ગુણોદય-સાગરસૂરીશ્વરજી મ.સા.ના પૂણ્યબળે જ પૂ. આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. આદિ ઠાણા-૩નું લાલપુર ગામવાસીઓ દ્વારા ભાવભર્યું સામૈયું કરવામાં આવ્યું હતું. મહારાજશ્રીના મુખે માંગલીક અને વ્યાખ્યાનનો લાભ મળ્યો હતો. બપોરના ૩ કલાકે આચાર્ય ભગવંતે ગોરખડી તરફ પ્રયાણ કર્યું હતું.

## મુમુક્ષુઓનું સંયમ અનુમોદના ઉત્સવ, રાયપુર

૧૩-૧-૨૦૧૯ના ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર અને છત્તીસગઢ કચ્છી જૈન સંઘ, રાયપુરના સંયુક્ત પ્રયાસે પરમતારક શ્રી કુન્થુનાથ જિનાલયના પ્રાંગણે પહેલી વાર ૪૫-૪૫ મુમુક્ષાઓનું સકલ જૈન સંઘની હાજરીમાં દૂધ અને જલથી ચરણ પ્રક્ષાલન કરીને અભિવાદન અને બહુમાન કરવામાં આવેલ. આ કાર્યક્રમના મુખ્ય લાભાર્થી અ.સૌ. સેજલબેન હિતેશ મોતીચંદ શિયાડ હતા. સહયોગી લાભાર્થી ૧) માતુશ્રી મલ્યાબાઇ ઝવેરચંદ છેડા, ૨) માતુશ્રી મુરબાઇ ઝવેરચંદ લોડાયા, ૩) માતુશ્રી મંજુલાબેન રજનીકાંત મહેતા અને ૪) શ્રી શાંતિલાલજી સુરેશ કુમાર પોરવાલના પરિવાર હતા. અહીં પધારેલ ૪૫માંથી ૪૦ મુમુક્ષુઓની એક સાથે દીક્ષા મહોત્સવ માર્ચ ૨૦૧૯ માં મુંબઇ મધે ઉજવાસે, જેના સંપૂર્ણ લાભાર્થી માતુશ્રી તારાબાઇ માણેકજી મોતા પરિવાર, મુંબઇ.

## શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ તીર્થધામ ખંડવા

શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ તીર્થધામ ખંડવામાં અચલગચ્છના પૂ. સાધ્વી સમયગુણાશ્રીજી મ.સા. આદીઠાણા ૨ અમરાવતી ચાતુર્માસ સમાપ્તિ પછી બુરહાનપુર તરફથી ૨૬-૧-૨૦૧૯ના પધારેલ. ૫ દિવસ સ્થિરતા કરેલ અને વ્યાખ્યાન આપેલ. પૂનમના દિવસે જગવલ્લભ પાર્શ્વનાથ તીર્થધામમાં ભાતા ચાલૂ કરવાની શિક્ષા આપેલ. આગામી મહાસુદ પૂનમ થી અત્રે ભાતા આપવાનો શુભારંભ થશે. મ.સા.એ ૧-૨-૨૦૧૯ના દિવસે માતમોર તીર્થ તરફ વિહાર કર્યું.

## મુંબઇમાં સામુહિક દીક્ષા

મુંબઇમાં પહેલી જ વાર ૪૩ મુમુક્ષુ ૧૩ માર્ચ ૨૦૧૯ના બોરીવલી ખાતે જૈનાચાર્ય જિનચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા જૈનાચાર્ય યોગતિલકસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં દીક્ષા ગ્રહણ કરશે. એમ જણાવતા અધ્યાત્મ પરિવારના વડાશ્રી હિતેશભાઇ મોતાએ માહિતી આપી હતી કે જૈનાચાર્ય યોગતિલકસૂરીશ્વરજી મહારાજા ૨ માર્ચના દીક્ષાના મુહુર્ત પ્રદાન કરશે. દાદા જૈનાચાર્ય સંયમ-રત્નસૂરીશ્વરજી મહારાજાની સ્વર્ગારોહણ તિથિ પણ છે.

## દંડ પરિવાર - રેલડીયા મંજલ શાસ્ત્રી પાઠ

રેલડીયા મંજલ દંડ પરિવાર દ્વારા સચ્ચાઇ માતાજીના શાસ્ત્રી પાઠ ૨૭-૦૪-૨૦૧૯ થી ૨૯-૪-૨૦૧૯ના આયોજીત કરવામાં આવેલ છે. રહેવાની તથા જમવાની વ્યવસ્થા સ્થાનિક કરેલ છે. માતાજીનાં ભોઇમાં - વાલબાઇ હંશરાજ દંડ.

## ટાટા મુંબઇ મેરેથૉનમાં ક.દ.ઓ. જ્ઞાતિજનો

**ફૂલ મેરેથૉન ૪૨ કિ.મી.** ઉદયન શાહ, ડૉ. અમી શાહ, રાજ શાહ, પરેશ નાગડા, ગિતેશ શાહ.

**હાફ મેરેથૉન ૨૧ કિ.મી.** પ્રિતી શાહ, ચંદ્રેશ શિયાલ.

## માનવ મિત્ર વલ્લભજી શાહને અહિંસા એવૉર્ડ

માનવ મિત્ર તરીકે જાણીતા વલ્લભજી ડુંગરશી શાહને તાજેતરમાં ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર, એંકરવાલા અહિંસાધામ દ્વારા અહિંસા એવૉર્ડ સંસ્થાના પદાધિકારીઓ સાથે પ્રબોધ મુનવરના હસ્તે એનાયત કરાયો હતો.

## માંડવી - મુંદ્રામાં ડીસેલીનેશન પ્લાન્ટ

મુખ્ય પ્રધાન વિજયભાઇ રૂપાણીએ કચ્છમાં પીવાના પાણીની તંગી ટાળવા માટે માંડવી અને મુંદ્રા ખાતે બે ડીસેલીનેશન પ્લાન્ટ (ખારા પાણીને મીઠું બનાવવા) સ્થાપવાની જાહેરાત કરી છે.

## ડુમરા ખાતે વિકાસ કાર્ય

ડુમરા ખાતે લગભગ અઢી કરોડ રૂપિયાના ખર્ચે પંચાયત ઘર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સીસી રોડ, સમાજવાડી, આણંદપર ખાતે પાણીનો ટાંકો વગેરે વિવિધ નિર્માણ કાર્યનું આયોજન કરાયું છે. પૂરા થઇ ગયેલા કામોનું લોકાર્પણ તથા કેટલાકનું ખાત મુહુર્ત કરાયું છે.

## નખત્રાણા હૉસ્પિટલને ડાયાલીસીસ મશીન તથા એમ્બ્યુલેન્સ

નખત્રાણાની દેવાશીષ હોસ્પિટલને જિલ્લા પંચાયતની ગ્રાંટ માંથી ત્રણ ડાયાલીસીસ મશીન તથા સાંસદ નિધિમાંથી એક એમ્બ્યુલેન્સ આપવામાં આવી છે. સદર


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239

સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676



કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય

**જ્યોતિ** સિલ્ક સાડી એમ્પોરીયમ

*Sachi Jari maate real nam*

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.

Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed

Originally at Zaveri Bazar since 1976

હૉસ્પિટલમાં હવે પાંચ ડાયાલિસિસ મશીનો થઇ છે. હૉસ્પિટલના ટ્રસ્ટી મોહનભાઇ ધોળુએ જાહેર કર્યું હતું કે ડાયાલિસીસની સેવા વિના મૂલ્યે આપવામાં આવશે.

**ગાંધીધામથી વૈષ્ણોદેવી ટ્રેન**

રેલ્વે મંત્રાલયે અમદાવાદ-જમ્મુ તાવી વચ્ચે દોડતી સર્વોદય એક્સપ્રેસને ગાંધીધામ સુધી લંબાવવાનો નિર્ણય લીધો છે. આથી કચ્છ વૈષ્ણોદેવી-કટરા સુધી રેલ સેવા શરૂ થશે પણ એ માટેની તારીખ હજી જાહેર કરાઇ નથી.

**અબડાસાના ૧૫ ગામોને પાણી, ઘાસચારો**

અલ્ટ્રાટેક સીમેન્ટ કંપની દ્વારા અબડાસા તાલુકાના ૧૫ ગામોને પાણી અને ઘાસચારાની રાહત અપાય છે.

**નલિયામાં ઠંડીનો કેર**

થોડા સમયથી નલિયા સહિત કચ્છભરમાં ઠંડીનો કેર વર્તાયો હતો. નલિયામાં પારો ૬.૮ ડીગ્રી સેલસીયલ્સ જેટલો નીચે થઇ ગયા હતો. દરમિયાન કચ્છમાં સ્વાઇન ફ્લૂનો ઓછાયો પડેલો છે. મળતા અહેવાલો મુજબ કચ્છમાં ૭૦થી વધુ લોકો સ્વાઇન ફ્લૂમાં પટકાયા છે.

**વાંકુ-ભાનાડા માર્ગ બિસ્માર**

અબડાસાના વાંકુથી વારાપધ્ધર થઇને ભાનાડાને જોડતો માત્ર આઠ કિ.મી. રોડ એકદમ બિસ્માર હાલમાં હોઇ વાહન વ્યવહારમાં ખૂબ તકલીફ પડે છે. વારાપધ્ધરથી પરજાઉ સુધીનો માર્ગ તદ્દન કાચો છે. ભાનાડા-વારાપધ્ધર માર્ગનો ઉપયોગ પિંગલેશ્વર - રાપરગઢ સહિત ચારથી પાંચ ગામો માટે ખૂબજ ઉપયોગી છે.

**રોગાણ કસબી અબ્દુલ ગફુરને પદ્મશ્રી**

વિશ્વમાં માત્ર એક જ પરિવારના સચવાઇ રહેલી રોગાણ કળાના કસબી અબ્દુલ ગફુરને પ્રજાસત્તાક દિને પદમશ્રી એવૉર્ડથી નવાજવામાં આવ્યા છે. વસ્ત્રો પર અનેરી ભાત ઉપસાવતી રોગાણ કળા ખૂબજ શ્રમ અને સમય સાધ્ય છે. એમ અબ્દુલભાઇએ જણાવ્યું હતું. અહીં સ્મરણીય છે કે કચ્છ નખત્રાણાના નિરોણા ગામના અબ્દુલ ગફુરના હસ્તે કંડારાયેલા રોગાણ કળા અલંકૃત એક વસ્ત્ર વડા પ્રધાન મોદી દ્વારા અમેરિકાના રાષ્ટ્રપતિ બરાક ઓબામાને ભેટ આપવામાં આવ્યું હતું. વળી આ કળાનો વારસો અબ્દુલ ગફુર પરિવારના માત્ર આઠ સભ્યો દ્વારા જળવાઇ રહ્યો છે.

**કચ્છ મુંબઇ ટ્રેનોમાં વધારાના કોચ**

પશ્ચિમ રેલ્વેએ કચ્છ એક્સપ્રેસ અને સયાજીનગરી એક્સપ્રેસમાં વધારાના થર્ડ એસી કોચની મુદત વધારી છે. એસી એક્સપ્રેસમાં એક સેકન્ડ અને એક થર્ડ એસી કોચ જોડવાનો નિર્ણય કર્યો છે. આ મુદત અનુક્રમે ભુજથી ૨૮ ફેબ્રુઆરી, દાદરથી ૧ માર્ચ સુધી અને બાંદરાથી ૧ માર્ચ સુધી વધારવાનો નિર્ણય લીધો છે.

**પાંજરાપોળ/ઢોરવાડામાં સરકારની સબસીડી વધી**

રાજ્ય સરકારે દુષ્કાળની વકરતી પરિસ્થિતિને નજરમાં રાખી પાંજરાપોળ/ઢોરવાડામાં દાખલ થયેલા પશુઓ માટે પશુ દીઠ સબસીડી રૂા. ૨૫ થી વધારી રૂા. ૩૫ કરી છે.

**જ્વલ્લે જ જોવા મળતું પક્ષી ટ્રમ્પીટર ફિંચ દેખાયું**

માત્ર કચ્છ અને રાજસ્થાનમાં આવતું આ યાયાવર પક્ષી આ વખતે લોડાઇ અને અન્ય કેટલાક ગામોમાં દેખાયું છે. આ પક્ષી દેખાવમાં સુંદર છે અને ખાસ કરી પાણીની આસપાસ જ રહે છે.

**તિરૂપુર ખાતે પ્રજાસત્તાક દિનની ઉજવણી**

મુર્યાચી મુકકલ અમાઇપુ દ્વારા પ્રજાસત્તાક દિને ધ્વજ વંદન અને ૪ સેન્ટરમાં બ્લડ ડોનેશન કેમ્પ યોજવામાં આવેલ જેમાં સારી માત્રામાં બ્લડ એકત્રિત કરવામાં આવ્યું આયોજનમાં સતીષભાઇ નાગડા સહયોગી બન્યા હતા.

**લજિતા ભરત ખોનાને ૪×૧૦૦ રિલેદોડમાં ગોલ્ડ**

જખૌના મુલુંડવાસી શ્રીમતી લજિતા ભરત ખોનાને તાજેતરમાં નાશિક વિભાગ દ્વારા આયોજિત નેશનલ લેવલની નેશનલ એથ્લેટિક્સ ચેમ્પીયનશીપ ૨૦૧૯માં ૪×૧૦૦ રિલેદોડ ૧.૩૩.૬ સમય જીતિ લેતા ૬૦ + વય વર્ગમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત થયો છે. ઉપરાંત એજ સ્પર્ધાના આજ વર્ગમાં ૪.૧૩.૦ના સમયમાં ૮૦૦ મીટરની રેસમાં બીજું સ્થાન મેળવતાં સિલ્વર મેડલ એનાયત થયો છે.


**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**

રાજ નીકેતન બિલ્ડીંગ, ભંડારકર રોડ, પોસ્ટ ઑફીસની સામે, માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537

સાચી જરીના ઘરચોળા તેમજ સાચી જરીની સાડીઓ સારા ભાવે વેંચાતા લઈશું.

સોમવાર બંધ


**જાહેરાતો મોકલવા માટે સંપર્ક**

મુકેશ લોડાયા - 022-2508 4463 / 64 / 65
મોબાઈલ 98211 54326 (સવારે ૧૧ થી સાંજે ૭)
ઉદયન લોડાયા - 98210 04296 / 87796 47886 / 022-2264 2495 (સાંજે ૫ થી ૭)

## રતિલાલ કેશવજી શિયાડ (જખૌ)ને આદરાંજલિ

રાયપુર મહાજન અને શ્રી છત્તીસગઢ કચ્છી દશા જૈન સંઘ રાયપુરના સંસ્થાપક સદસ્ય અને સંઘના વડીલ શેઠ શ્રી રતિલાલ કેશવજી શિયાડ (જખૌ-રાયપુર) ૧૮-૧-૨૦૧૯ના અરિહંત શરણ પામ્યા. તેઓશ્રી કર્મઠ સમાજ સેવી, કુશલ શાસક અને રાજનેતા હતા. રાયપુર કચ્છી સમાજ સિવાય આપશ્રી અનેક જૈન સંસ્થાઓ, ગુજરાતી સમાજ, શિક્ષણ સંસ્થાઓ, વ્યાપારિક સંગઠનો અને રાજકીય પક્ષને પોતાની સેવાઓ આપેલ.

તેમણે આપેલી સેવાઓ બદલ ૧૯૯૫-૯૬ના શ્રી ઉવસ્સગહરં પાર્શ્વ તીર્થ, દુર્ગ ટ્રસ્ટે તેમણે 'જિનશાસન દીપક' સન ૨૦૦૨માં લાઠી (રાજસ્થાન) જૈન સંઘે 'જૈન શાસન રત્ન' સન ૨૦૧૮માં ક.દ.ઓ. જૈન જ્ઞાતિમાં 'એકમ ગૌરવ' તથા ડિસેમ્બર ૨૦૧૮માં નલીયા મધે ક.દ.ઓ. જ્ઞાતિના સમસ્ત મહાજન સંમેલનમાં 'જ્ઞાતિ ગૌરવ' જેવા અનેક એવોર્ડ પ્રાપ્ત થયા હતા. રાયપુર શ્રી સંઘ, શ્રી કુન્થુનાથ દાદાના દેવવિમાન તુલ્ય ભવ્ય જિનાલયના નિર્માણમાં એમનું અભૂતપૂર્વ યોગદાન વર્ષો સુધી યાદ રહશે. તેમને શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ સંઘની ભાવપૂર્ણ આદરાંજલિ.

## હોમિયોપેથિક મેડીકલ કેમ્પ

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કીરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર અને શ્રી અનંત સમર્પણ - ઘાટકોપરના સથવારે નીચે મુજબ હોમિયોપેથીક મેડીકલ કેમ્પ અનંત છાયા, રૂમ નં. ૧૦૪, આર. બી. મહેતા માર્ગ, (૬૦ ફીટ રોડ), ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭ ખાતે યોજાયેલ છે.

હાડકા તપાસણી માટેનો કેમ્પ શનિવાર, તા. ૨૩-૦૨-૨૦૧૯ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૫૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

કિડની, લીવર, સ્કિન, હેર, થાઈરોઈડ તથા અન્ય રોગની તપાસણી માટે શનિવાર તા. ૨૩-૦૨-૨૦૧૯ના બપોરના ૨ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી તથા રવિવાર તા. ૨૪-૦૨-૨૦૧૯ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૧૦૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

ઈચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક શ્રીમતી શ્વેતા મિતેશ શાહ પાસે મોબાઈલ નંબર : 9619270430 પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.


## કે.ડી.ઓ. વેલ્ફેર એસોસીએશન

સંપર્ક : **દીપક ગંગાજર ડાઘા** (પ્રમુખ), એ-૧૨૦૩,
મહાવીર રેસીડેન્સી, બાલ રાજેશ્વર મંદિર પાસે, એલ.બી.એસ માર્ગ, મુલુંડ (વેસ્ટ), મુંબઇ-૮૦.
મો.: **8767753082** ઈમેલ : **welfarekdo@gmail.com**

**એપ્રીલ ૧૮ થી જાન્યુઆરી ૨૦૧૯ સુધીમાં ૭૭૦૦ + જ્ઞાતિજનો દ્વારા રૂા. ૬.૦૦ લાખની સાધર્મિક ભક્તિ તથા માર્ચ ૨૦૧૯ સુધીમાં વધુ ૬.૦૦ લાખની શકયતા.**

વર્ષ ૨૦૧૮-૧૯માં કે.ડી.ઓ. સામાજિક સુરક્ષા યોજનાના અવસાન પામેલા ૧૫ સભ્યોમાંથી ૮ નોમીનીઓના આવેદન પત્ર / દસ્તાવેજો મળતા દરેકને રૂા. ૭૫,૦૦૦/-નું લાભાંશ અપાયું છે. અન્ય માટે ફોલોઅપ ચાલુ છે. આ રકમ યોજનાના વર્તમાન ૭૭૦૦ થી વધારે સભ્યોની રૂા. ૧૦૦૦/-, રૂા. ૨૦૦૦/- ડીપોઝીટના વ્યાજમાંથી ચુકવવામાં આવી છે. એટલે આ બધા સભ્યોને આડકતરી રીતે સાધર્મિક ભક્તિનો લાભ મળ્યો છે.

જ્ઞાતિમાં કોઇ અમંગળ બનાવ બને તો આપણે કુટુંબીજનોને બે હાથ જોડી આશ્વાસન આપવા સિવાય કશું કરવું કરતા નથી પણ આ યોજનામાં જોડાવવાથી આપને પણ સાધર્મિક ભક્તિનો લાભ મળી શકે છે. અહીં સ્વાર્થ સાથે પરમાર્થ છે.

| | | |
|---|---|---|
| પાત્રતા | : | ૦ થી ૫૩ વર્ષના જ્ઞાતિજન |
| આવશ્યકતા | : | નિયત ફોર્મ, પેન કાર્ડ / આધાર કાર્ડ |
| રકમ | : | રૂા. ૨,૨૦૦/- (રૂા. ૨૦૦૦ રીફંડેબલ ડીપોઝીટ તથા રૂા. ૨૦૦/- મેમ્બરશીપ ફી) |
| લાભાંશ | : | સભ્યનું ૫૫ વર્ષની વય પહેલાં અવસાન થાય તો નોમીનીને રૂા. ૭૫,૦૦૦/-, અકસ્માતે અવસાનમાં વધારાના રૂા. ૭૫,૦૦૦/- અન્યથા ૫૫ વર્ષ વય બાદ બોનસ સાથે ડીપોઝીટ રકમ પરત. |

**વધુ વિગતો/ફોર્મ/આપની સભ્યપદ વિગત માટે ઉપર જણાવેલ મોબાઈલ નંબર કે ઈમેલ પર સંપર્ક સાધવા વિનંતી છે.**

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **ચંદ્રકાંત લધુભાઈ લોડાયા** (PS 823) | ૨૦૧/૨૦૨, અનંત છાયા, આર. બી. મહેતા માર્ગ, લાયન્સ ગાર્ડન પાસે, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૭. મો.: ૦૯૮૨૦૬ ૨૨૨૭૧ |
| **પંકજ ધનજી ધરમશી** (PS 4322) | ૪૪-એ, મહાવીર નગર, આંતરજાલ, આદીપુર ૩૭૦ ૨૦૫, કચ્છ મો.: ૦૯૯૦૯૫ ૪૬૨૪૬ / ૦૯૦૩૩૪ ૬૦૮૨૫ |
| **લક્ષ્મીચંદ ખેતશી લોડાયા** (PS 3097) | ૧૮/૨, બીજે માળે, પ્રભાત બિલ્ડીંગ, તુકારામ નગર રોડ, ડોમ્બીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૧. મો.: ૦૯૮૭૦૨ ૬૬૬૯૨ / ૦૯૭૭૩૧ ૯૯૩૯ |
| **લેલિન જીતેન્દ્ર ધરમશી** (PS 5931) | ૩-સી, ઓમ સાઈ રેસીડેન્સી, એ. એમ. ક્રોસ રોડ, પરવાના મુક્કુ (કપ્પાલાન્ડી મુક્કુ), કોચીન - ૬૮૨ ૦૦૨. મો.: ૦૯૩૮૮૮ ૫૭૧૨૩ |
| **અભય જયંતીલાલ નાગડા** (PS 6833) | ફ્લેટ નં. ૩૦૨, કલશ સમૃદ્ધિ એપાર્ટમેન્ટ, પ્લોટ નં. ૨૬, સહકાર નગર, ઔરંગાબાદ - ૪૩૧ ૦૦૫. મો.: ૦૯૮૫૦૭ ૭૯૫૯૮ |

## જીવનચક્ર

**જન્મ**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬-૧૧-૧૮ | મુલુંડ | લેહાન, અર્ચના સાગર ઉત્તમ ગાલા | તેરા | પુત્ર |
| ૨૩-૧૨-૧૮ | કોચીન/મેંગલોર | દેવ, વૈશાલી દિવેશ નિતીન દેવશી ખોના | નલિયા | પુત્ર |

**સગપણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭-૦૧-૧૯ | ડોમ્બીવલી | રાજ સુરેશ કુંવરજી ડાઘા | દલતુંગી | |
| | ડોમ્બીવલી | શિલ્પા શરદ સોમચંદ લોડાયા | સાંધવ | |
| ૨૦-૦૧-૧૯ | ગાંધીધામ | હર્ષ સુનીલ જવેરચંદ લોડાયા | નલિયા | |
| | કોઠારા | ચાંદની હંસરાજ ચત્રભુજ નાગડા | કોઠારા | |
| ૨૦-૦૧-૧૯ | ડોમ્બીવલી | હિતેશ નિતીન કેશવજી ધરમશી | સાંધાણ | ૨૬ |
| | ડોમ્બીવલી | મીનલ વસંત હંસરાજ દંડ | મંજલ રેલડીયા | ૨૪ |
| ૨૨-૦૧-૧૯ | હુબલી | કરણ જયેશ લક્ષ્મીચંદ શિયાલ | જખૌ | ૨૭ |
| | હૈદરાબાદ | પ્રિયંકા શિવપ્રસાદ માણેકજી લોડાયા | વારાપધર | ૨૭ |
| ૨૬-૦૧-૧૯ | ગાંધીધામ | રોનક બંકિમચંદ્ર કુંવરજી ધરમશી | સાંધાણ | ૨૪ |
| | ભાટાપારા | નિશા નરેન્દ્ર પદમશી દંડ | વરાડીયા | ૨૨ |
| ૦૨-૦૨-૧૯ | ગાંધીધામ | સાહિલ અનિલ સોમચંદ ધારશી નાગડા | નલિયા | ૨૫ |
| | જલગામ | સેજલ વિરચંદ પૂજાંભાઈ મૈશેરી | વારાપધર | ૨૪ |

**આંતરજ્ઞાતિય સગપણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮-૦૧-૧૯ | કાંદિવલી | ધવલ ભીકુભાઈ ઘેલાભાઈ લોડાયા | તેરા | ૨૬ |
| | ફત્તેહપુર | રશ્મી પ્રફુલકુમાર ચન્દ્રભાનજી નેરીયા | ફત્તેહપુર | ૨૬ |
| ૧૯-૦૧-૧૯ | ડોમ્બીવલી | સાગર જયંતીલાલ ટોકરશી પોલડીયા | લુણી | ૩૩ |
| | નાગપુર | કોમલ રાજેન્દ્ર સુર્યભાનજી આકરે | ચીકના | ૩૦ |
| ૨૦-૦૧-૧૯ | ડોમ્બીવલી | દિમ્પેશ જગદીશ જેતશી લોડાયા | મોટી ખાવડી | ૨૬ |
| | ઐરોલી | સ્વેતા કાંતિલાલ પંચાલ | અંબાવાડા | ૨૫ |
| ૨૫-૦૧-૧૯ | મુલુંડ | ભાવિન ચંદ્રકાંત ભવાનજી લાપસીયા | રંગપુર | ૨૭ |
| | ઘાટકોપર | ભાવિતા સુરેશ ગોપાલજી ઠક્કર | ધાણીપર | ૨૬ |
| ૨૭-૦૧-૧૯ | ડોમ્બીવલી | મિલીન લહેરચંદ નાગજી હરીયા | શેરડી | ૨૯ |
| | ડોમ્બીવલી | રોશની શાંતિલાલ ખીમજી પોલડીયા | ડુમરા | ૨૪ |
| ૩૧-૦૧-૧૯ | સાંતાક્રુઝ | હર્ષ વિજય હંસરાજ શામજી લાપસીયા | દલતુંગી | ૨૭ |
| | ઈન્દોર | પલ્લવી મનોજ અમરચંદ જૈન | ભોપાલ | ૨૫ |
| ૦૧-૦૨-૧૯ | અમદાવાદ | મિરાજ તિલક ઉમરશી ખોના | જખૌ | ૨૯ |
| | અમદાવાદ | પૂજા રાજેશ રતિલાલ દોશી | સારા | ૨૭ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬-૧૨-૧૮ | ભોપાલ | પ્રતિક ધીરેન્દ્ર વાલજી અરજણ મોતા | વાંકૂ | ૩૩ |
| | | ધ્રૂવી હસમુખ નાનજી ખેતસી ગાલા | લાકડીયા | ૩૩ |
| ૧૧-૧-૧૯ | આંતરજાલ | ચીરાગ હિતેન્દ્ર લાલકા | વારાપધર | ૨૯ |
| | ચોપરા | કાજલ રવિન્દ્ર લોડાયા | નલીયા | ૨૩ |
| ૨૬-૦૧-૧૯ | નવી મુંબઈ | ભૂપેન ખુશાલ જીવરાજ લોડાયા | રાપર | |
| | મુલુંડ | નિધી રાજેશ ડુંગરશી હેફા | જખૌ | |
| ૨૭-૦૧-૧૯ | પૂના | જીત તિલકચંદ લક્ષ્મીચંદ લોડાયા | રાપર | |
| | નીમચ | આયુષી તુષાર જયચંદ લાલકા | પરજાઉ | |
| ૨૯-૦૧-૧૯ | વાપી | સિધ્ધાર્થ મયૂર હંસરાજ ખોના | કોઠારા | |
| | ડોમ્બીવલી | તેજલ ખિરેશ રાયચંદ ધ્રોળ | કોટડી | |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫-૧૨-૧૮ | મુલુંડ | શ્રેયાંશ નિરેન ધૂલ્લા | સુથરી | ૨૮ |
| | કલ્યાણ | શ્રુતિ વિજય લક્ષ્મણપ્રસાદ | મથુરા | ૨૭ |
| ૩૧-૧૨-૧૮ | મુલુંડ | ચિંતન સુનીલ દેવજી છેડા | રાયણ | ૨૯ |
| | મુલુંડ | જીનલ ચાંપશી ડુંગરશી હેફા | જખૌ | ૨૮ |

### ભુલ સુધાર

ગતાંક (અંક નં. ૧૨) માં ભુજ, અમદાવાદ, ભૂજોડી અને માંડવીના ઈતર જ્ઞાતિય રહિસોના
તા. ૯-૧૨-૨૦૧૮ ના લગ્નોની નોંધ શરતચૂકથી છપાઈ છે.

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮-૧૨-૧૮ | ખિરકિયા | લક્ષ્મીબાઈ ભવાનજી વેરશી નાગડા (ભુલ સુધાર) | લાલા | ૮૯ |
| ૧૪-૦૧-૧૯ | ડોમ્બીવલી | પ્રવિણાબેન કલ્યાણજી ધરમશી (ભુલ સુધાર) | નાની સિંધોડી | ૬૪ |
| ૧૮-૦૧-૧૯ | મડઈ | ચીમનલાલ વિશનજી દંડ | લાલા | ૯૦ |
| ૨૦-૦૧-૧૯ | મલાડ | પુષ્પાબેન ચીમનલાલ મોમાયા | વરાડીયા | ૭૨ |
| ૨૦-૦૧-૧૯ | કાંદિવલી | રાજેન્દ્ર રાયચંદ ખોના | જખૌ | ૭૧ |
| ૨૦-૦૧-૧૯ | અમેરીકા | જયરાજ ટોકરશી નાગડા | લાલા | ૬૧ |
| ૨૧-૦૧-૧૯ | ડોમ્બીવલી | દમયંતી (દીમુબાઈ) પ્રેમજી ગોશર | બારોઈ | ૮૬ |
| ૨૨-૦૧-૧૯ | ખિરકીયા | ભરત (ભગતશી) રતનશી નાગડા | લાલા | ૭૨ |
| ૨૬-૦૧-૧૯ | હૈદ્રાબાદ | કાંતાબેન વિશનજી મોમાયા | વારાપધર | ૭૯ |
| ૨૬-૦૧-૧૯ | અમદાવાદ | લક્ષ્મીબાઈ વિશનજી સોની | વાંકૂ | ૯૯ |
| ૨૮-૦૧-૧૯ | ભાંડુપ | પ્રભાવતી કાંતીલાલ નારાણજી લોડાયા | જખૌ | ૬૫ |
| ૨૮-૦૧-૧૯ | ગદગ | ઉમેશ શાંતીલાલ ધરમશી | તેરા | ૫૩ |
| ૨૮-૦૧-૧૯ | વડોદરા | નવીનચંદ્ર ઠાકરશી ધરમશી (ચક્ષુદાન/દેહદાન) | સુથરી | ૭૦ |
| ૨૮-૦૧-૧૯ | ઘાટકોપર | હિરાબેન ભવાનજી મોમાયા | જખૌ | ૮૦ |
| ૩૦-૦૧-૧૯ | સાયન | પ્રવીણભાઈ કલ્યાણજી ભાણજી લોડાયા | મોટી વરંડી | ૭૪ |
| ૩૦-૦૧-૧૯ | મુલુંડ | હિરાચંદ સોજપાર ધરમશી | કોઠારા | ૬૪ |
| ૦૧-૦૨-૧૯ | મુલુંડ | ગુણવંતી વીરચંદ પદમશી ડાઘા (શાહ) | વરાડીયા | ૬૮ |
| ૦૧-૦૨-૧૯ | બોરીવલી | ભવાનજી રતીલાલ લોડાયા/અજાણી | કોઠારા | ૯૩ |
| ૦૧-૦૨-૧૯ | આદીપુર | જયાબેન રમેશ નારાણજી દંડ | તેરા | ૭૫ |
| - | આંતરજાલ | મયુરભાઈ જેઠાભાઈ લોડાયા | નલિયા | - |
| ૦૩-૦૨-૧૯ | માધાપર | કુલિનકાંત નારાણજી મોમાયા | વરાડીયા | ૮૬ |

# શ્રી સચ્ચામા દંડ પરિવાર (સેવક ભરૂડીયા)ના શિલ્પકાર અને પ્રમુખશ્રી ને આદરાંજલિ



જન્મ :
તા. ૧૯-૧૧-૧૯૬૨

અરિહંત શરણ :
તા. ૧૦-૦૧-૨૦૧૯

## સ્વ. શ્રી મનોજ કુંવરજી દંડ (સેવક ભરૂડીયા - મુલુંડ)

જિંદગી સાચા અર્થમાં જીવીને પ્રેમદીપ પ્રગટાવ્યા,
કર્મ - કરૂણા - વ્હાલપ ના વાદળ હેતસભર વરસાવ્યા,
સત્ય સંસ્કાર સેવાનો અણમોલ વારસો આપી ગયા,
ભલે હયાતી નથી આપની હવે આ જગતમાં,
સિતારાની જેમ ચમકશો સદાય ગગનમાં,
એવા વાત્સલ્યના ઘેઘુર વડલારૂપી **પૂજ્ય મનોજભાઈ** ને
નતમસ્તકે સ્મૃતિસભર સ્મરણાંજલિ.

આપના પુણ્યાત્માને મોક્ષદાયી ગતિ મળે,
અમોને આપના રાહે ચાલી સમાજના ઉત્કર્ષ માટે
કામ કરવાની પ્રેરણા મળે એજ હૃદયાંજલિ....

**શ્રી સચ્ચામા દંડ પરિવાર સેવક ભરૂડીયા કાર્યકર્તા ગણ**

# ભાવભરી શ્રધ્ધાંજલિ





**સ્વ. હેમલતા યશોધન અજાણી**
(ચેન્નાઇ)
તા. ૧૮/૯/૧૯૪૯ - તા. ૨૪/૧/૨૦૧૮

**સ્વ. યશોધન જીવરાજ અજાણી**
(ચેન્નાઇ)
તા. ૧૦/૯/૧૯૪૮ - તા. ૨/૨/૨૦૦૪

''પ્રભુ આપના દિવ્ય આત્માને, પરમ શાંતિ અર્પે એ પ્રાર્થના''

**શોકાતુર**



માતુશ્રી ધનબાઈ જીવરાજ અજાણી પરિવાર (ચેન્નાઇ)
માતુશ્રી નવલબેન શીવજી મોતા પરિવાર (હૈદરાબાદ)
માતુશ્રી લીલાવતી સોમચંદ નાગડા પરિવાર (પુના)
શ્રીમતી લીલાવંતી કિશોરભાઈ માહેશ્વરી (શાહ) પરિવાર (ડોંબિવલી)



પુત્રવધુ-પુત્ર : શ્રીમતી ભાવિકા વિક્રમ અજાણી
પૌત્ર : આર્યન (ચેન્નાઇ)

દિકરી-જમાઈ : શ્રીમતી મીરા જયેશ નાગડા (પુના)
દોહીત્રી : મૈત્રી, તન્વી

---



# ચતુર્થ પુણ્યતિથિએ અશ્રુભીની શ્રધ્ધાંજલિ



જન્મ :
તા. ૩૦/૦૫/૧૯૫૭
અરિહંત શરણ :
તા. ૨૨/૦૨/૨૦૧૪

## શ્રીમતી વાસંતી હીરાચંદ લાપસીયા

તમારા હેતની નહોતી કોઈ હદ, સ્નેહના નહોતા કોઈ સીમાડા...
મા તારી આશિષમાં નહોતી કોઈ અધુરાશ,
કરૂણાનાં નહોતા કોઈ કિનારા...
કેમ કરીને ભુલીએ તમારા સંભારણાં...

❖ સ્મરણકર્તા ❖

**માતુશ્રી નિર્મળાબેન ચાંપશી પદમશી લાપસીયા પરિવાર**
**પતિ : હિરાચંદ ચાંપશી લાપસીયા**
પુત્રવધુ-પુત્ર : વર્ષા ચેતન હીરાચંદ લાપસીયા
પૌત્ર : હર્ષ - ભવ્ય દોહિત્ર : ક્રીશ - પાર્થ
પુત્રી : જસ્મીન રાકેશ ગોગારી (ડોણ-કચ્છ)
પુત્રી : કાજલ તેજસ ગોગારી (ડોણ-કચ્છ)
પિયર પક્ષ : માતુશ્રી ગંગાબાઈ પોપટલાલ જેતશી મોતા પરિવાર (ગોરખડી)

---

# પ્રથમ પુણ્યતિથીએ ભાવભરી શ્રધ્ધાંજલિ



જન્મ :
તા. ૧૯-૧૦-૧૯૩૭

અરિહંત શરણ :
તા. ૧૫-૦૨-૨૦૧૮

## સ્વ. ચીમનલાલ રામજી વેલજી કુરૂવા

ગોધરા - કચ્છ, દહીંસર - મુંબઈ

ચંદનની જેમ ઘસાઇને અન્યને સુગંધ આપી. બાળપણથી અંત સુધી તનતોડ મહેનત કરી અમોને સુખનો સાગર સોંપતા ગયા. આપનો નિઃસ્વાર્થ, નીડર, પ્રમાણિક અને વ્યવહારિક સ્વભાવનો વારસો અમારા માટે હંમેશા માર્ગદર્શક બની રહેશે.

**પરમ કૃપાળુ પરમાત્મા આપના આત્માને પરમશાંતિ સાથે ઉચ્ચગતી આપે એજ પ્રાર્થના...**

**આપના પરિવારજન**

સ્વ. ધર્મપત્ની : પુષ્પા ચીમનલાલ કુરૂવા
પુત્રવધુ-પુત્ર : વીણા પરેશ ચીમનલાલ કુરૂવા
પુત્રી-જમાઇ : મનિષા ભાવેશ દંડ
દોહીત્રી-દોહીત્ર : મીતાલી અને હર્ષિત
**માતુશ્રી સોનબાઇ રામજી વેલજી કુરૂવા સમસ્ત પરિવાર**
**માતુશ્રી હીરબાઇ ધનજી નરપાર લોડાયા સમસ્ત પરિવાર**

# શ્રધ્ધાંજલી

૧૯ માર્ચ ૧૯૪૯ — ૨૮ જાન્યુઆરી ૨૦૧૯



## શ્રી નવીનચંદ્ર ઠાકરશી રામૈયા ધરમશી
વડોદરા - ગામ - સુથરી

જીવનચક્ર ના દરેક ક્ષણે કુટુંબીજન, જ્ઞાતીજન અને સમાજ ને તન, મન અને ધન થી સાથ સહકાર અને મદદરૂપ બનવા હંમેશા તત્પર રહેનાર.

આ જીવનચક્ર ના અંતે ચક્ષુદાન અને દેહદાન આપી સમાજ ને જીવન જીવવા અને એના પશ્ચાત લોકો ના હૃદય માં જીવંત રહેવાનો શ્રેષ્ઠ માર્ગ ચીંધનાર, એવું વ્યક્તિત્વ ધરાવનાર.

**હે સમય ! એ ક્ષણે ..... તને થોભવું જ જોયતું હતું ......**

**હે કાળ ! એ ક્ષણે ..... તને થોભવું જ જોયતું હતું ......**

કારણકે આવા હૃદયસમ્રાટ ની અમારા કુટુંબ ને અને સમાજ ને સખત જરૂરત હતી, તમારા જવા થી અમને બધાને બહુ મોટી ખોટ થઇ છે.

હા, એ વાત પણ સાચીજ છે કે ઈશ્વર ને પણ તમારા જેવા વ્યક્તિ ની જરૂરત હોય છે.
વળી પરિવર્તન સંસાર નો નિયમ છે, એ વાત અમને સમજાવનાર તમે
અમારા હૃદય માં સદાય જીવંત રહેશો ....

લી. નિલેશ મણીલાલ ભવાનજી મોમાયા
અં. સૌ. અંજના નિલેશ મોમાયા
કું. કરિષ્મા નિલેશ મોમાયા

-: શોકાતુર:-

માતૃશ્રી લક્ષ્મીબેન મણીલાલ મોમાયા
સમસ્ત મોમાયા પરિવાર
( વરાડીયા )

માતૃશ્રી ચંદનબેન નવીનચંદ્ર ધરમશી
સમસ્ત ધરમશી પરિવાર
( સુથરી )

સદાકાળ

# હાર્દિક શુભેચ્છા



ચિ. સિધ્ધાર્થએ ચાટર્ડ એકાઉન્ટન્ટ (Final CA)ની પરીક્ષામાં 43rd Rank (All India Level) સાથે પાસ કરી તે બદલ ખૂબ ખૂબ અભિનંદન.

ભવિષ્યમાં એ ઉત્તરોત્તર પ્રગતિ કરે એવી અભિલાષા...



**ચિ. સિધ્ધાર્થ નીકુંજ ડાઘા**
ગામ : દલતુંગી, હાલ : ગોરેગામ

**શુભેચ્છક**

**માતુશ્રી વિજયાબેન મણીલાલ ત્રીકમજી ડાઘા પરિવાર**
**માતુશ્રી નેમલતાબેન સોમચંદ વીરજી લોડાયા પરિવાર**
N. M. Dagha & Co. - Chartered Accountants
M. M. Dagha & Co. - Chartered Accountants

# હાર્દિક અભિનંદન



## કુ. ખુશી બિપીન ગોસર
(કારંજા–બારોઇ)



કુ. ખુશીએ National Level of Ashtedo માં Silver Medal મેળવેલ છે. જે નાગપુરમાં આયોજીત કરવામાં આવી હતી. કુ. ખુશીએ ગોસર અને લોડાયા પરિવારનું નામ રોશન કર્યું છે.

ભવિષ્યમાં એ ઉત્તરોત્તર પ્રગતિ કરે એવી અભિલાષા...

**શુભેચ્છક**

મમ્મી-પાપા : સૌ. યોગીતા બિપીન ગોસર (કારંજા)
દાદી-દાદા : સૌ. લીના હિરાચંદ ગોસર (કારંજા)
નાની-નાના : સૌ. શુશીલા જયંત લોડાયા (આકોલા)

શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ

## શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન, સુથરી

સુથરી-કચ્છ, તા. અબડાસા (ગુજરાત)-૩૭૦ ૪૯૦. ફોન : (૦૨૮૩૧) ૨૮૪ ૨૨૩

### આગોતરૂ આમંત્રણ

આપણા સુથરી મહાતીર્થની ૧૮૦ મી વર્ષગાંઠ ધ્વજા મહોત્સવ

**મહોત્સવ ની રૂપરેખા**

વૈશાખ સુદ ૫ ગુરૂવાર, તા. ૯/૫/૨૦૧૯
શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા

વૈશાખ સુદ ૬ શુક્રવાર, તા. ૧૦/૫/૨૦૧૯
૧૮ અભિષેક પૂજન

વૈશાખ સુદ ૭ શનિવાર, તા. ૧૧/૫/૨૦૧૯
સત્તરભેદી પૂજા તથા શ્રી ઘૃતકલ્લોલ દાદાની ધ્વજા રોહણ

### શ્રી ભલારાદાદા ધ્વજા મહોત્સવ

આ સાથે મૂળ સ્થાનક સોનથરીના શ્રી ભલારાદાદા તથા કુળદેવી શ્રી સચ્ચાઈ માતાના મંદિરની ધ્વજા મહોત્સવ વૈશાખ સુદ ૬ તા. ૧૦-૫-૨૦૧૯ને શુક્રવાર થી વૈશાખ સુદ ૮ તા. ૧૨/૫/૨૦૧૯ રવિવાર ના ઉજવવામા આવશે.

વૈશાખ સુદ ૮ રવિવાર, તા. ૧૨/૫/૨૦૧૯
શ્રી ભલારાદાદા તથા કુળદેવી શ્રી સચ્ચાઈ માતાની ધ્વજા રોહણ

આ બને શુભ પ્રસંગે ભેગા મળી મહાલવાનો અવસર છે. સાજન, માજન, સ્નેહી, સ્વજન, નિયાણી પરિવાર ને પધારવા **ભાવભર્યું આમંત્રણ** છે.

કચ્છ જવા આવવાની સ્લીપર કલાસની ટ્રેન ટીકીટના દાતા :
**માતુશ્રી લક્ષ્મીબાઈ શાંતીલાલ કુંવરજી ઘરમશી પરિવાર** - સુથરી
(દેવેન - અરિહંત કાર્સ)

શ્રી સુથરી તીર્થ ખાતે આગમન થયેથી ટીકીટની ઝેરોક્ષ કોપીની સામે રકમ આપને ચુકવી આપવામાં આવશે. આપના આગમનની જાણ કરશોજી.

# JALGAON K.D.O. KHELOTSAV - 5




Chief Guest -
Padmashri. Adv. Shri. Ujjwal Nikam



Chief Guest - MLA Shri. Suresh Bhole &
MLC Shri Chandu Patel Inaugrating Khelotsav-5



Winning Team - Nagda Warriors
Owner - Shri Ketan Nagda



Runner-up Team - Chheda Super Kings
Owner - Sau. Shilpaben Chheda



Jihan Tigers
Owner - Shri. Gemendra Maisheri



Trophies of Khelotsav-5



Parshwanath Lions
Owner - Shri. Lalit Lodaya



Winning Team - Oswal Challengers
Owner - Sau. Dakshaben Oswal



Runner-up Team - Shah Smashers
Owner - Sau. Shitalben Lodaya



Momaya Warriors
Owner - Sau. Lekhaben Momaya



Chief Guest - Shri. Rajnikant Kothari
& Sau. Bhavna Jain
with KDO Project Commitee



Kajal Knight Riders
Owner - Sau. Divyaben Lodaya

## -: EVENT SPONSERS :-

Shri. Navinchandra Khona,
Shri. Ashok Poladiya,
Sau. Sushilaben Poladiya,
Shri. Rajendra Poladiya,

Shri. Narendra Momaya,
Shri. Hiren Nagda,
Shri. Hemant Shah,
Shri. Dinesh Lodaya,

Shri. Yogendra Gosar,
Smt. Pushpaben Kankan,
Shri. Sushil Khona,
Sau. Shitalben Momaya

**CDO Prakash Samiksha** **R.N.I.No. MAHGUJ/1998/04640**
Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# અભિનંદન ! અભિનંદન !! અભિનંદન !!!






ટાટા મુંબઇ મેરેથૉન ૨૦૧૯ સફળતાપૂર્વક પૂર્ણ કરવા માટે **ડૉ. અમી નીરજ શાહ** ને ખૂબ ખૂબ અભિનંદન ! તેણીની આ પ્રથમ સંપૂર્ણ મેરેથૉન છે. વય શ્રેણી (૩૬-૩૯ વર્ષ)માં, ૨૬મા ક્રમાંક સાથે, તેણીએ ફક્ત ૪.૪૭.૧૫ કલાકમાં મેરેથૉન પૂર્ણ કરી હતી. ૪૬,૦૦૦ થી વધુ પ્રતિભાગીઓ સાથે ટાટા મુંબઇ મેરેથૉન આજે દુનિયાના ટોચના ૧૦ મેરેથૉન્સમાં ગણાય છે.

ગામ નલિયાના, હાલમાં માટુંગા ખાતે રહેતા, **શ્રી શાંતિલાલભાઇ** અને **મીનાબેન શાહ** ના પુત્રવધુ એવાં ડૉ. અમી અગાઉ નવી મુંબઇના અર્ધ મેરેથૉન, સાતારા અર્ધ મેરેથૉન, નેવી અર્ધ મેરેથૉન જેવાં એનેક મેરેથૉનમાં ૫-૧૦-૨૧ કિલોમીટર દોડીને ભાગ લીધો હતો. બે સુંદર બાળકો વેદા અને હૃદયની આ પ્રેમાળ, દંત ચિકિત્સક માતાએ, તેના પતિ નીરજના સતત ટેકાથી પોતાનું મનોબળ મેળવ્યું. આઇયંગર યોગના વિદ્યાર્થી અમી, કાયમ એક યોગ્ય સ્વાસ્થ અને ક્ષમતા જાળવણી પ્રણાલીનું પાલન કરે છે. તેણી વેઇટલિફ્ટીંગ અને મજબૂતીકરણ કસરત પણ નિયમિતપણે કરે છે. **દિયર દર્શનની ભાભી** અને **શ્રીમતી જયશ્રી કિરણભાઇ ડાઘા** (ગામ વરાડિયા)ની દીકરીએ માત્ર તેના પોતાના પરિવારનું ગૌરવ નથી વધાર્યું, પરંતુ અન્ય કેડીઓ દીકરીઓ અને વહુઓ માટે પણ તેમની આ સાહસિકતા અનુકરણીય છે. ભવિષ્યના તમામ પ્રયત્નોમાં તેમની સફળતાની અમે શુભેચ્છા આપીએ છીએ.

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA**
**C/o. Madhu Entertainment & Media Ltd.,**
A/704, Remi Bizcourt, Plot No. 9, Shah Indl. Estate,
Off Veera Desai Road, Andheri (W), Mumbai-400 053.

To,

Printed, Published & Edited by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS**, 314, Mathuradas Mill Compound, N.M. Joshi Marg, Lower Parel, Mumbai - 400 013. and Published from 13A, 29/41, Tamarind Lane, Rajabahadur Compound, Fort, Mumbai - 400 001.